ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



વલ્લભભાઈ દેસાઈ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
(૫ સપ્ટે.) મો. ૭૬૦૦૦ ૫૭૨૦૦




જૈનિલ મનિષ ખત્રી
(૫-૯-૨૦૦૬) મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨



કમલેશ પી ઉપાધ્યાય
(૫-૯-૧૯૬૯) ફોન : ૨૩૨૧૧૦૬૪



ડો. અંબિકે કે ઉપાધ્યાય
(૬-૯-૧૯૯૩) ફોન : ૨૩૨૧૧૦૬૪



મનિષા મનિષ ખત્રી
(૬-૯-૧૯૭૫) મો. ૯૮૨૪૪ ૪૦૬૩૨



ઉમેશકુમાર પી વસાવા
સેક્શન અધિકારી,
કૃષિ અને સહકાર વિભાગ
મહામંત્રી, વસાવા સમાજ,ગાંધી.
(૬-૯-૧૯૬૬) મો. ૯૯૭૪૧ ૪૧૩૯૯

## સ્કૂલ ઑફ એચીવર, કુડાસણ ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી



સ્કૂલ ઑફ એચીવર, કુડાસણ ખાતે અંગ્રેજી-ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા સંયુક્ત રીતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમ્યાન શ્રીકૃષ્ણ જીવનલીલા ઝાંખીનાં ભાવવિભોર કરતાં દૃશ્યો ખડાં થતાં શાળા પરિવાર અને આમંત્રિતો ઝૂમી ઊઠ્યા હતા. શ્રીકૃષ્ણનો જન્મ, ગોકુળ તરફ મહાગમન, નંદ મહોત્સવ, બાલક્રીડા, નાગદમન, રાસલીલા વગેરે પ્રસંગો નાટ્ય અને નૃત્યના સંગમથી જીવંત બની ગયા હતા. મહી મટકી, ભજન કાર્યક્રમ વિદ્યાર્થીઓએ ખૂબ માણ્યો હતો.

## સરસ્વતી વિદ્યાલય ખાતે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો



સૅક્ટર-૬ બી ખાતે કાર્યરત સરસ્વતી વિદ્યાલય ખાતે કૃષ્ણ જન્મોત્સવ અનુસંધાને મટકીફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત શાળાના વિદ્યાર્થી રાહુલ ઠાકોરે કૃષ્ણ બનીને બાળગોપાળ મિત્રો સાથે દહીં હાંડી ફોડી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ કૃષ્ણભક્તિનાં ભજન અને નૃત્યો રજૂ કર્યાં હતાં. કાર્યક્રમના અંતભાગમાં શાળા પરિવારના તમામ સભ્યો સાથે મળીને રાસ-ગરબા રમ્યા હતા.

# બ્રહ્માકુમારીઝ જન્માષ્ટમી પર્વ ઉજવશે

### એકમેકને દુખ આપવાની ખરાબ આદતો છોડવાની પ્રતિજ્ઞા કરી શ્રીકૃષ્ણની નૂતન નિર્વિકારી સતપ્રધાન દુનિયાનું આહ્‌વાન કરીએ : કૈલાશદીદી

ગાંધીનગર, તા. ૪

પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

બ્રહ્માકુમારીઝના સૅક્ટર-૨૮, ચિલોડા, ઊર્જાનગર-૧ તથા સૅક્ટર-૨ સી સેવાકેન્દ્રો ખાતે ગોકુળ આઠમના રોજ રાત્રે ૮થી ૧૨ દરમ્યાન વિશેષ યોગ, ભોગ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ગરબા, મટકી ફોડ, જાદુના ખેલ તથા શ્રીકૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વ શ્રદ્ધાળુઓને આ પ્રસંગે દર્શનનો લાભ લેવા બ્રહ્માકુમારીઝ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શ્રીકૃષ્ણ જન્મોત્સવના આ પાવન પ્રસંગે બ્રહ્માકુમારીઝ, ગાંધીનગર કેન્દ્રનાં સંચાલિકા બીકે કૈલાશદીદીએ સૌ નાગરિકોને જુગાર, દારૂ, સિગારેટ, બીડી, તમાકુ, ગુટખા, માવો, ચોરી અને એકમેકને દુખ આપવાની ખરાબ આદતો છોડવાની પ્રતિજ્ઞા કરી શ્રીકૃષ્ણની નવી નિર્વિકારી સતપ્રધાન દુનિયાનું આહ્‌વાન કરવા અપીલ કરી છે.

# સૅક્ટર-૩ ડી યુવક મિત્ર મંડળ જન્માષ્ટમી મહોત્સવ ઉજવશે

ગાંધીનગર, તા. ૪

સૅક્ટર-૩ ડી યુવક મિત્ર મંડળ દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી પરંપરાગત રીતે કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી અંતર્ગત રાસ-ગરબા, દહીં હાંડી તથા ૫૦૦ દીવાની મહાઆરતીનું આયોજન શનિવારે કરવામાં આવ્યું છે. નવરાત્રિ ચોક, સૅક્ટર-૩ ડી ખાતે આ સમગ્ર ઉજવણી હાથ ધરવામાં આવી છે, જ્યાં રાસ-ગરબા રાત્રે ૮થી ૧૨ દરમ્યાન, મહાઆરતી રાત્રે ૧૨થી ૧૨.૧૫ દરમ્યાન અને દહીંહાંડીનો કાર્યક્રમ રાત્રે ૧૨.૧૫ કલાકે યોજવામાં આવશે.

આ ઉજવણીમાં ઉપસ્થિત રહેવા અને ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન કરવા સર્વ શ્રદ્ધાળુઓને મિત્ર મંડળ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જન્માષ્ટમી માટે આયોજિત કાર્યક્રમનું રિહર્સલ ગુરુવારે યુવકો દ્વારા કરવામાં આવ્યું હતું ત્યારે આ તસવીર લેવામાં આવી હતી.



# કોલવડાના કે કે પટેલ વિદ્યાલય ખાતે માઈન્ડ પાવર ડૅવલપમૅન્ટ સૅમિનાર યોજાયો

### વિદ્યાલયના ૨૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

ગાંધીનગર, તા. ૪

કોલવડા કેળવણી મંડળ સંચાલિત કમળાબેન કેશવલાલ પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે માઈન્ડ પાવર ડૅવલપમેન્ટ અંગે સૅમિનારનું આયોજન શાળાનાં આચાર્યા ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. ક્રિના પટેલ માઈન્ડ પાવર સ્કીલ ડૅવલપમૅન્ટના ટ્રેઈનરે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના ૨૦૦ વિદ્યાર્થીઓને યાદશક્તિ વધારવાના ઉપાયો, મનુષ્યના મગજમાં રહેલી શક્તિ તથા સુષુપ્ત મૅમરીને જાગૃત કરવાની ટૅકનીક દ્વારા સુંદર પ્રેઝન્ટેશન આપ્યું હતું. પરીક્ષા ખંડ તથા સ્પર્ધાત્મક પરીક્ષામાં મગજને કેવી રીતે તેના માટે તૈયાર કરવું તે અંગે સૂચનો આપ્યાં હતાં.

આચાર્ય દ્વારા કાર્યક્રમની અગત્યતા, બુદ્ધિચાતુર્ય અંગે બાળકોને સમજ આપવામાં આવી હતી. આભારદર્શન નારાયણભાઈ પટેલે કર્યું હતું.

# નગરના ગૌરવસમાન ખેલાડી પારૂલ પરમાર ઈંગ્લેન્ડ જશે

ગાંધીનગર, તા. ૪

નગરના ગૌરવ સમાન અર્જુન ઍવોર્ડ વિજેતા ખેલાડી પારૂલ પરમારની પસંદગી પૅરા બૅડમિંટન વર્લ્ડ ચૅમ્પિયનશીપ માટે કરવામાં આવી છે જેમાં ભાગ લેવા માટે તે આવતીકાલે રવાના થઈ રહી છે.

સ્ટોક મેન્ડવિલે, ઈંગ્લેન્ડ ખાતે ૮થી ૧૩ સપ્ટેમ્બર દરમ્યાન આ ચૅમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે, જે દુનિયાભરનાં ચૅમ્પિયન્સની ક્રમાંક સુનિશ્ચિત કરશે.



# પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ ક્રિષ્ના વૃધ્ધાશ્રમની મુલાકાતે

### વયસ્કો સાથે બે કલાક ગાળી આત્મીયતા કેળવવાનો સહૃદયી પ્રયાસ

ગાંધીનગર, તા. ૪

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત અને સૅક્ટર-૭ ખાતે કાર્યરત પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા સૅક્ટર-૬માં કાર્યરત ક્રિષ્ના વૃધ્ધાશ્રમની મુલાકાત લેવામાં આવી હતી.

મુલાકાત દરમ્યાન બે કલાક સુધી વિદ્યાર્થીનીઓએ વયસ્કો સાથે સહૃદયતાપૂર્વક વાતો કરી હતી અને તેમની સાથે આત્મીયતા કેળવવાનો પ્રયાસ કર્યો હતો.

ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર પ્રા. ભરતસિંહ પી રાવે વૃધ્ધાશ્રમના સંચાલક રાજેશભાઈ ભટ્ટ, સહયોગી નિલેન્દુભાઈ વોરાની ઉમદા પ્રવૃત્તિને બિરદાવીને વિદ્યાર્થીનીઓની મુલાકાત ગોઠવી આપવા બદલ તેમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી તથા વૃધ્ધોના નિરામય દીર્ઘાયુ માટે ઈશ્વરને પ્રાર્થના કરી હતી.

ઍનઍસઍસ યુનિટ તરફથી વૃધ્ધોને દૂધ તેમજ ફળોનું વિતરણ કરીને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવામાં આવ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
વૅલકમ બૅક
૧.૩૦, ૪.૩૦,
૭.૩૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૨**
વૅલકમ બૅક
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૯.૩૦
**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૦.૦૦
ફૅન્ટમ
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
પાયુમ પુલી (તમિલ)
૭.૦૦
**સ્ક્રીન-૫**
વૅલકમ બૅક
૧૧.૦૦
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૨.૧૫, ૬.૧૫, ૧૦.૧૫
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (અંગ્રેજી)
૪.૧૫, ૮.૧૫

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
વૅલકમ બૅક
સવારે ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦,
૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૨**
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૯.૧૫
વૅલકમ બૅક
૧૧.૧૫, ૨.૩૦, ૪.૪૫, ૯
**સ્ક્રીન-૩**
ફૅન્ટમ
સવારે ૧૦.૨૦
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૧.૧૫, ૫.૩૫, ૧૧.૦૦
હિટમૅન (અંગ્રેજી)
૩.૨૫
વૅલકમ બૅક
૭.૪૫
**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૦.૧૫
ફૅન્ટમ
૧.૩૦, ૪.૨૫, ૯.૩૦
હિટમૅન (અંગ્રેજી)
૭.૨૦

# પૂર્ણ પુરૂષોત્તમ યોગેશ્વર શ્રીકૃષ્ણનો નારી વિષયક અભિગમ

### માતા, બહેન, પત્ની, દાસી, સખી.. સ્ત્રીનાં તમામ સ્વરૂપોનું પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણે સન્માન સાથે રક્ષણ કર્યું છે

પ્રત્યેક વ્યક્તિના જીવનમાં પ્રથમ અંગત સંબંધ તેની માતા સાથેનો હોય છે એમ યુગેયુગે ધર્મને ખાતર અવતાર ધારણ કરવાના ગીતાજીમાં આપેલા વચન મુજબ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી શ્રીકૃષ્ણએ સર્વપ્રથમ માતા દેવકીને દર્શન આપ્યાં. શ્રીકૃષ્ણ જે કાળમાં થયાં ત્યારની સ્ત્રીઓની સ્થિતિ ખૂબ જ વિકટ હતી. ચોતરફ જુલ્મી રાજાઓએ કાળો કેર વર્તાવ્યો હતો. દેવકી જેવી દૈવત્વવાળી બહેનોને પણ જેલમાં રહેવું પડતું હતું. સૌંદર્યવાન સ્ત્રીઓ અસલામત હતી. નરકાસુર જેવા રાજાઓ સૌંદર્યવાન સ્ત્રીઓને પોતાની કેદમાં રાખતા હતા. રૂક્મિણી તથા સત્યભામા જેવી તેજસ્વી ગુણવાન સ્ત્રીઓને રાજકીય સંબંધો સુધારવા માટે શીશુપાલ જેવા જુલ્મીઓ સાથે પરણાવી દેવામાં આવતી. દ્રૌપદી જેવી સ્વમાની, નિર્ભય અને પતિવ્રતા સ્ત્રીઓનું પોતાના જ કુટુંબીજનો દ્વારા અપમાન થતું. ઉત્તરા જેવી અધિકારી સ્ત્રીઓના ગર્ભનો નાશ કરવામાં આવતો. કુબ્જા જેવી ભાવનાશીલ સ્ત્રીઓને માત્ર રાજાઓને અંગલેપનો જ અધિકાર રહેતો હતો. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ માત્ર માતાદેવકીને જ કારાવાસમાંથી મુક્ત કરવા નહીં પરંતુ જે જે સ્ત્રીઓ આર્તભાવે ભક્તહૃદયે યોગેશ્વરને પોકારે તે તમામને જુલ્મોમાંથી મુક્ત કરવા થયો હતો.



એમણે જન્મદાતાને ત્રાસમાંથી મુક્ત કરી સાવકી માને અમર કરી, સ્નેહની કડી સર્વથી વડી છે એ સાબિત કરી આપ્યું. ગોકુળમાં પુતના નામની રાક્ષસી સ્તનપાન કરાવવા જે ભાવથી આવી હતી એજ ભાવથી એનો ઉધ્ધાર કર્યો. બાળગોપાલની લીલાઓ દહીં-માખણની ચોરી, મટકી ફોડવી, દાણ માગવી વગેરેથી આત્મસ્વરૂપા ગોપીઓને અપૂર્વ આનંદ આપ્યો. પ્રેમસ્વરૂપ રાધાજી સાથેની રાસલીલાએ શ્રીકૃષ્ણના ચરિત્રને વધુ પ્રેમસભર બનાવીને ઉપસાવ્યું છે.

મથુરામાં કંસથી ત્રસ્ત પ્રજાને સહાય કરવા માટે શ્રીકૃષ્ણને ઝડપથી ગોકુળ છોડવું પડે છે, માર્ગમાં કુબ્જા મળી જે વક્ર હતી ને તેથી ત્રિવક્રા કહેવાતી. કંસના અંગલેપન માટે લઈ જવાતા ચંદનનો ઉપયોગ તેણે શ્રીકૃષ્ણ માટે કર્યો, બદલામાં શ્રીકૃષ્ણે તેને સર્વાંગસુંદર સ્ત્રી બનાવી. અને આ રીતે જગતની અસુંદર સ્ત્રી ચાહવાથી કેટલી સુંદર બની શકે એ દુનિયાને બતાવ્યું.

મથુરામાં રૂક્મિણી જેવી ગુણીયલ સુંદર કન્યાને અયોગ્ય પાત્ર પાસે પરણાવતા અટકાવી પોતે જ તેમનો સ્વીકાર કર્યો. ઉપરાંત જાંબવતી, મિત્રવૃંદા, ભદ્રા, સત્યભામા, લક્ષ્મણા, કાલિંગી, નાગ્નજિતી (સત્યા) વગેરે આઠ પટરાણીઓને પણ શ્રીકૃષ્ણે આવાં જ કારણોસર અપનાવી હતી. નરકાસુરની કેદમાંથી ૧૬,૧૦૦ સ્ત્રીઓને શ્રીકૃષ્ણે છોડાવી, જેમને ભીતિ હતી કે હવે પોતાનો સ્વીકાર કોઈ કરશે નહીં, એ કન્યાઓનો ખુદ શ્રીકૃષ્ણે સ્વીકાર કર્યો અને તેમને રાણી તરીકે સન્માન આપ્યું. એ કારણસર કૃષ્ણને ૧૬૧૦૮ રાણીઓ છે એમ કહેવાય છે.

દ્રૌપદીએ માત્ર એમના નામનું રટણ કર્યું અને એનાં ચીર પૂરવા જ પહોંચી ગયા એવા શ્રીકૃષ્ણનું ઉત્તમ ચરિત્ર ત્યારે પરાકાષ્ઠાએ ચરિતાર્થ થાય છે જ્યારે તેમણે બે સગર્ભા સ્ત્રીઓનો ગર્ભ સાતે ઉધ્ધાર કર્યો. શ્રીકૃષ્ણની બહેન સુભદ્રા બાર માસ સુધી પ્રસવ ન થવાથી અનિદ્રાથી પીડાતી હતી. એને કૃષ્ણે સાત કોઠાની વાર્તા સંભળાવી ને સુભદ્રા નિદ્રાધિન થઈ ગઈ. વાર્તા આઠમા કોઠામાં પ્રવેશતાં તો પ્રસવ થઈ ગયો.

દ્રૌપદીના પાંચ પુત્રોનો નાશ કર્યા પછી પાંડવોના અંતિમ વંશજનો પણ નાશ કરવાના હેતુથી અસ્વત્થામાએ ઉત્તરાના ગર્ભ ઉપર બ્રહ્માસ્ત્ર છોડ્યું ત્યારે યોગેશ્વરે ઉત્તરાના ગર્ભમાં રહેલા મૃત બાળકને સાત સત્યોથી સજીવન કર્યું હતું, જે પૈકીનું એક સત્ય એ હતું કે 'જો અત્યાર સુધી કોઈપણ સ્ત્રીનું રક્ષણ કપટથી કે સ્વાર્થ ખાતર ના કર્યું હોય તો આ બાળક સજીવન થાઓ.' યોગેશ્વર શ્રીકૃષ્ણના અવતાર સ્વરૂપના પરીપાકરૂપે પ્રબળ પુણ્યશાળી પરીક્ષિતજીનો જન્મ થયો. મહાભારતના યુદ્ધવિરામ બાદ ગાંધારીએ શ્રીકૃષ્ણને 'યાદવકુળનો નાશ થાય' એવો શ્રાપ આપ્યો હતો ને તેમણે નમ્રભાવે આ શ્રાપને સ્વીકારી લીધો હતો. ભગવાન શ્રીકૃષ્ણ તરફ જીવનના તમામ પડાવો પર છેવટ સુધી સતત સહકાર અને સહિષ્ણુતા દાખવી હોય તો તે હતા માતા કુંતા.

માતા, બહેન, પત્ની, દાસી, સખી.. સ્ત્રીનાં તમામ સ્વરૂપોનું પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણે સન્માન સાથે રક્ષણ કર્યું છે એ આ પ્રસંગે વિશેષ યાદ કરવા જેવી બાબત છે.

**- સ્વાતિ જતિન શુક્લ**

# ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ૨૦મી સદીના અમર વિદ્વાન





ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ૧૯૬૨માં દેશના રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેમના કેટલાક વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોએ તેમનો જન્મદિવસ ઉજવવાની અનુમતિ માગી. ડૉ. રાધાકૃષ્ણને કહ્યું 'મારો જન્મદિવસ માત્ર તમે ઉજવો એના કરતાં દેશ આખો એને શિક્ષક દિવસ તરીકે ઉજવશે તો મને ગૌરવ થશે.' શિક્ષણ પ્રત્યેની મતત દર્શાવતું તેમનું આ વાક્ય ઝીલાયું અને દેશમાં શિક્ષક દિવસની શરૂઆત થઈ.

ડૉ. રાધાકૃષ્ણનનો જન્મ તિરૂત્તાની (ચેન્નાઈથી ૬૪ કિમી દૂર), તામિલનાડુમાં ૫ સપ્ટેમ્બર, ૧૯૮૮ના રોજ થયો હતો. તેમની માતૃભાષા તેલુગુ હતી. અને તેમનું નિધન ૧૭ એપ્રિલ, ૧૯૭૫ના રોજ ચેન્નાઈ ખાતે થયું હતું.

તેઓ ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ (૧૯૫૨-૧૯૮૨) અને દ્વિતિય રાષ્ટ્રપતિ હતા. ૧૩ મે, ૧૯૬૨થી ૧૩ મે, ૧૯૬૭ દરમ્યાન તેમણે દેશનું રાષ્ટ્રપતિપદ શોભાવ્યું. ડૉ. રાજેન્દ્રપ્રસાદ તેમના પુરોગામી હતા અને ડૉ. ઝાકીર હુસૈન તેમના અનુગામી.

તત્ત્વજ્ઞાન વિષય સાથે તેમણે પીએચડી સુધીનો અભ્યાસ કર્યો હતો અને બ્રિટીશરો દ્વારા તેમને 'સર' તથા દેશ દ્વારા 'ભારત રત્ન ખિતાબ'થી નવાજવામાં આવ્યા હતા. ડૉ. રાધાકૃષ્ણન વિવિધ ધર્મો અને તત્ત્વચિંતન બાબતે ખૂબ જાણીતા વિદ્વાન હતા. તેમની ગણના ૨૦મી સદીના એ વિદ્વાનોમાં થતી હતી જેમણે પૂર્વીય-પશ્ચિમી વિચારો અને તત્ત્વચિંતન વચ્ચે સેતુસમાન કાર્ય કર્યું હતું. તેમણે ભારતીય તત્ત્વચિંતનને પશ્ચિમી વિચારસરણીની ઓળખ કરાવી અને પશ્ચિમી જગતને, અંગ્રેજી ભાષીઓને ભારતીય ધાર્મિક અને ચિંતન સાહિત્યનો રસાસ્વાદ કરાવ્યો હતો.

એક મધ્યમવર્ગીય બ્રાહ્મણ પરિવારના બાળકે અસાધારણ સિદ્ધિ હાંસલ કરીને દેશનું સર્વોચ્ચ પદ મેળવ્યું એ પ્રેરણાગાથાને યાદ કરવા માટે પણ શિક્ષક દિવસની ઉજવણી ભારત દેશમાં કરવામાં આવે છે અને ડૉ. રાધાકૃષ્ણનને યાદ કરી, તેમનું ઉદાહરણ વિદ્યાર્થીઓને આપી બાળકોને અસાધારણ સિદ્ધિ માટે અભિપ્રેરણ આપવામાં આવે છે.

વ્યવસાયે કૉલેજના અધ્યાપક એવા ડૉ. રાધાકૃષ્ણનનું નામ આજે અનેક શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી, જાહેર મકાનો સાથે સંકળાયેલું છે અને ન માત્ર આપણા દેશમાં પરંતુ પશ્ચિમી જગતમાંય તેમનું નામ ઘણા જ સન્માનપૂર્વક લેવાય છે. અને હા, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન તરીકે આપણે એમને ઓળખીએ છીએ એમાં સર્વપલ્લી એ એમની અટક છે અને રાધાકૃષ્ણન એ નામ.

**- કુંતલ નિમાવત**